# દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે વસંત પંચમીની ઉજવણી



ગાંધીનગર, તા. ૩૧

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે માતા સરસ્વતીની ઉપાસના દિવસ 'વસંત પંચમી'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ સરસ્વતી શ્લોક વંદના, વસંત પંચમીનું મહત્ત્વ રજૂ કરતી સ્પીચ, અને પ્રાર્થનાઓ રજૂ કરી હતી. આ પ્રસંગે ધોરણ-૬, ૭, ૮ નાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો. ધોરણ-૬ની વિદ્યાર્થીની સ્વયં માતા સરસ્વતી રુપે રજૂ થઈને આશીર્વાદ રુપ શ્લોકગાન કર્યું હતું.

આ પ્રસંગે ગ્રંથ પૂજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દરેક વિષયનાં વિવિધ પુસ્તકોનું અને તે ઉપરાંત વેદ, ઉપનિષદનું પણ પૂજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય અને મુખ્ય અધ્યાપિકા, મુખ્ય અધ્યાપક સાથે સહું શિક્ષકોએ પૂજન અને અર્ચના કરી હતી. અંતે આચાર્યા અતનુ રથે વિદ્યા અને વિવેકના સાયુજ્યને સમજાવતા વિદ્યાર્થીઓને અખૂટ જ્ઞાનભંડારને સતત મેળવતા રહેવા તત્પર રહેવા જણાવ્યું હતું.

# શ્રીસ્વામિનારાયણ પોલીટેકનિકમાં SPORTS–2K20ની ઉજવણી






ગાંધીનગર, તા. ૩૧

'પહેલું સુખ તે જાતે નર્યા.' આજના મોબાઈલ ફોનના જમાનામાં આજની પેઢી મેદાની રમતમાં ઓછું ધ્યાન આપે છે. જે થકી મેદાન પરની રમતો વિસરાતી જાય છે. જે રમતોથી યુવા પેઢીના સ્વાસ્થ્ય કસાયેલા અને તંદુરસ્ત રહેતા હતા એવી રમતો હવે ખૂબ જ નજીવી માત્રામાં રમાય છે.

આ પ્રાચીન અને અર્વાચીન રમતો ને ફરી જીવંત કરવા માટે તા. ૧૬-૦૧-૨૦૨૦, ગુરુવાર થી લઈ ને ૨૩-૦૧-૨૦૨૦, બુધવાર સુધી શ્રીસ્વામિનારાયણ પોલીટેકનિકમાં SPORTS–2K20 ની ઉજવણી કરવામાં આવી. જેમાં સંસ્થાના ડાયરેકટર શ્રી ધર્મેશ વંડરા, સંસ્થાના એકેડેમીક ડાયરેકટર શ્રી ભાવિક શાહ અને સંસ્થાના તમામ ડિપાર્ટમેન્ટ ના હેડ તેમજ સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.આ SPORTS–2K20 માં વિદ્યાર્થીઓ એ સાતોલિયા, દોડ પક્કડ, નદી પર્વત, ગિલ્લી દંડા, પગથિયાં જેવી વિસરયેલી પ્રાચીન રમતો રમી હતી. જે રમતો વિશે તે પોતાના વડીલો પાસેથી જાણ્યું હતું એ, રમતો રમતા વિદ્યાર્થીઓમાં આખો અલગ જ માહોલ, લાગણીનો ભાવ અને આનંદ જોવા મળ્યા હતા. આ વિસરાયેલી પ્રાચીન રમતો સાથે વિદ્યાર્થીઓએ ક્રિકેટ, વોલીબોલ, ખો-ખો, કબ્બડી, ગોળા ફેંક, બેડમિન્ટન, કેરમ, ચેસ, રસ્સા ખેંચ અને ઉંચી કૂદ જેવી સંસ્થા દ્વારા આયોજિત થયેલી વિવિધ અર્વાચીન રમતોમાં પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ દરમિયાન દરેક દિવસે વિદ્યાર્થીઓ એ વિવિધ પ્રકારની થીમ સાથે ઉજવ્યો હતો જેમાં બ્લેક એન્ડ વાઈટ ડે, એનવૈરમેન્ટ ડે અને ગ્રીન ડે, ગ્રુપ ડે , બેંક ટુ સ્કુલ ડે અને મિસ મેચ ડે, ટ્રેડિશનલ ડે અને પ્રોફેશનલ ડે, આર્ટ એન્ડ ક્રાફટ ડે જેવી વિવિધ વિશેષતાઓ નો સમાવેશ થાય છે.

સ્ટાર્ટઅપ અને સ્કીલ ઈન્ડિયા આજની પેઢીને સમજાવતા ૨૬મી જાન્યુઆરી એ આનંદ મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ સ્વ ખર્ચે ખાણી પીણી ના વિવિધ સ્ટોલ ઊભા કરી ને ચટપટા નાસ્તા અને નમકીન નું વેચાણ કર્યું હતું જે થકી વિદ્યાર્થીઓ એ સાચા અર્થમાં સ્કીલ ઈંડિયા અને સ્ટાર્ટઅપ નો અનુભવ મેળવ્યો હતો.

આ દરમિયાન ભાગ લીધેલા વિજેતા અને રનર અપ વિદ્યાર્થીઓએ મેડલ અને સર્ટિફિકેટ આપી ને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ જે વિદ્યાર્થીઓના સ્ટોલ પર સ્વાદિષ્ટ ડિશ મળતી હતી એ વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહન ઈનામ આપી ને સંસ્થાના ડાયરેકટર શ્રી ધર્મેશ વાંદરા અને એકડેમિક ડાયરેકટર શ્રી ભાવિક શાહ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# જન્મદિને વધામણી



સુખલાલ બાબુરાવ ભોપે
મો. ૯૯૦૯૫ ૬૫૨૬૦



કિશન પ્રદીપકુમાર ભોપે
મો. ૯૮૨૪૪ ૨૮૨૭૪



ત્રિવેદી શ્વેત પિયુષકુમાર
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫

# સિદ્ધાર્થ મિરેકલ્સ શાળાના આચાર્ય શ્રીમતી ગીતા સતિષ પિશારોડીનું સન્માન




ગાંધીનગર, તા. ૩૧

શિક્ષણ એ જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે. એ જ શિક્ષણને જ્યારે વ્યવહારમાં મૂકવામાં આવે ત્યારે તે અર્થપૂર્ણ બને છે અને શ્રેષ્ઠ ભવિષ્યના નિર્માણનો પાયા બને છે. ગાંધીનગરની સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના આચાર્ય શ્રીમતી ગીતા સતિષ પિશારોડી જે ૨૦૧૯ ના વર્ષમાં શ્રેષ્ઠ ઊભરતા આચાર્યનો ખિતાબ મેળવી ચૂકેલ છે તે પણ આ જ વિચારધારા ધરાવે છે. તેણી દરેક પરિસ્થિતી તરફ વ્યાવહારિક અભિગમ ધરાવે છે. આજે આપણો દેશ ઘણી બધી સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે.

જેમાંથી ઘણી સમસ્યાઓ આપણે પોતે જ એક જવાબદાર નાગરિક તરીકે ઉકેલી શકીએ છીએ. જરૂર છે માત્ર આંતરીક સ્ફૂરણા થકી તેને રોજિંદા વ્યવહારમાં લાવવાની. આવી જ આંતરીક સ્ફૂરણાથી પ્રેરાઈને શ્રીમતી ગીતા સતિષ પિશારોડીએ વર્તમાન સમયની સળગતી ટ્રાફીકની સમસ્યા ઉપર કાર્ય કરવાનું શરૂ કર્યું. તેણીએ MORTH (The Ministry of Road Transprot and Highways) અને General Insurance Corproation of India ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ "National Road Safety Week" વિષય પર આધારિત પેપર રજૂ કર્યું હતું.

જેમાં આખા દેશમાંથી કુલ ૧૫૦ પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો જેમાંથી શ્રેષ્ઠ ૧૦ની પસંદગી કરવામાં આવી હતી. પસંદ પામેલા ૧૦ પ્રતિસ્પર્ધીઓને તા. ૨૮-૦૧-૨૦૨૦ ના રોજ નેશનલ લૉ યુનીવર્સીટી, દિલ્હી ખાતે ત્યાંની વિદ્વવાન પેનલ સમક્ષ પોતાના વિચારો અને મંતવ્યો રજૂ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું જેમાં શ્રીમતી ગીતા સતિષ પિશારોડીએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું જે બદલ રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના કેન્દ્રિય મંત્રી શ્રી નીતિન ગડકરીજીના હસ્તે પ્રમાણપત્ર તથા ૭૦૦૦ રૂ. નું રોકડ પારિતોષીક પ્રદાન કરવામાં આવ્યું હતું. જે શાળા માટે ગૌરવની બાબત હતી.

# વિદુષ સોમાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ કડી ખાતે 'એડવાન્સ કોમ્પ્યુટીંગ ટેક્નોલોજીસ' વિષય પર વર્કશોપ




ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંલગ્ન વિદુષ સોમાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ કડી ખાતે ત્રિદિવસીય 'એડવાન્સ કોમ્પ્યુટીંગ ટેક્નોલોજીસ' વિષય ઉપર સંસ્થાના વિદ્યાર્થીઓ માટે



ટેકનિકલ વર્કશોપનું આયોજન સંસ્થાના પ્રિન્સિપાલ ડો. હિરેન પટેલના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ હતું.

આ વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટીક્સ, એમેઝોન એલેક્સા અને અન્ય આધુનિક ટેકનોલોજીનુ જ્ઞાન વિષય તજજ્ઞો દ્વારા કર્યું. પ્રોફેસર જીગ્નેશ પાટોલિયા દ્વારા ઈન્ટરનેટ ઓફ થિંગ્સ , પ્રોફેસર કૌશલ જાની દ્વારા રોબોટીક્સ અને શ્રી હર્ષ મનડુક્યા દ્વારા એમેઝોન એલેક્સાનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું.

આ વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓએ ગ્રુપમાં પ્રેક્ટીકલ પ્રોજેક્ટ તૈયાર કર્યા હતા. હાલમાં ઈન્ડસ્ટ્રીમાં કઈ રીતે પ્રોજેક્ટ કામ કરે છે તે જ્ઞાન મેળવવા માટે વિદ્યાર્થીઓને કડીમા સંચાલિત CERA કંપની વિઝીટ પણ કરવામાં આવી હતી. આ વર્કશોપ અને વિઝીટ થકી વિદ્યાર્થીઓમાં એક નવી વિચારશ્રેણીનો પ્રારંભ થશે તેનો ઉપયોગ તેમના ભવિષ્યના કારકિર્દીમાં કરી શકશે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી સરદારભાઈ પટેલે વિદ્યાર્થીઓને શુભકામનાઓ આપી હતી ટેક્નોલોજી ક્ષેત્રે હરણફાળ ભરવા આવાહન કર્યું હતું.

# લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ



ગાંધીનગર,તા. ૩૧

૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ મહારાષ્ટ્ર રાજયમાં મુડો ટેકવન્ટો ચેમ્પિયનશીપ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવારનો વિદ્યાર્થી પટેલ હરમીત રાજેન્દ્રભાઈ એ ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ મેળવી અને શાળા પરિવારનું નામ અને ગૌરવ વધાર્યું છે.

# લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વસંત પંચમી પર્વની ઉજવણી



ગાંધીનગર, તા. ૩૧

વસંત પંચમી પર્વના સૃષ્ટિનો ચમત્કાર છે. ચોમાસમાં વરસાદથી વૃક્ષોને નવા પર્ણ આવે છે. પરંતુ વસંતઋતુમાં ચમત્કારિક રીતે જ પાનખરથી ઉજ્જડ વન નવી વરરાજી ધારણ કરે છે. આ દિવસે સરસ્વતીના સાધકોમાં સરસ્વતી જન્મોત્સવની ઊજવણી કરે છે. શાળા પરિવારમાં પણ માં સરસ્વતીની પૂજા અર્ચના બાળકો દ્વારા કરવામાં આવી હતી અને સરસ્વતી જન્મોત્સવ નિમિત્તે બાળકોને સરસ મજાની નૃત્ય સાથે સરસ્વતીની પ્રાર્થના રજૂ કરી હતી. આ વિશેષ કાર્યક્રમમાં શાળા-પરિવારના મેનેજીંગ ડાયરેકટર નિલેશ સર અને શ્રીમતી કિનાબેન ઉપસ્થિત રહ્યા હતા.

# સરસ્વતી વિદ્યાલય ખાતે વસંત પંચમી ઉજવાઈ

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૬ માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં ગાંધી નિર્વાણ દિન અને વસંત પંચમી નિમત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ ઉપસ્થિત રહીને મા સરસ્વતીને પુષ્પમાળા અર્પણ કરી હતી. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સફળતા મેળવે તેમજ તેમના જીવનમાં વિનય, વિવેક જેવા સદ્દગુણોનો વિકાસ થાય તેવા શુભાષિત આપ્યા હતા. આ ઉપરાંત પ્રમુખ દ્વારા વિદ્યાર્થીઓને ગાંધી વિચારની સમજ પણ આપી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન પરિચય વિશે પોતાનું વકતવ્ય આપ્યું હતું. તેમજ શાળાના શિક્ષિકા બહેન શ્રીમતી પાયલબેને ગાંધીજીના જીવન પ્રસંગનું વર્ણન કરીને સમયનું મહત્ત્વ સમજાવ્યું હતું. શાળાના શિક્ષિકા બહેનો શ્રીમતી ગીતાબેન, કરુણાબેન તેમજ



તરુણાબેને ગાંધીજીના ગુણોને ઉજાગર કરતા ગીતો ગાઈને વિદ્યાર્થીઓને ગાંધીજીના ગુણોથી માહિગાર કર્યા હતા. અંતે શાળાના શિક્ષિકાબહેન શ્રીમતી મધુબેન લેઉઆ એ આભારવિધિ કરીને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

# આઈ.ટી ઓફિસર બનવા માટે શું કરવું?





નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧ .ધો ૧૨ સાયન્સ - ગ્રુપ-એ બાદ કયા આગળ સારો વિકલ્પ કયો હોઇ શકે?**

**- અનિમેષ પટેલ, ગાંધીનગર**

અનિમેષ, ગ્રુપ-એ પછી ઘણા બધા વિકલ્પ હોય છે જે આપ ને એક સફળ કારકિર્દી બનાવવામાં ઉપયોગી થઈ શકે છે. પણ સૌથી મહત્વની બાબત એ છે કે આપ કયા વિષય અથવા ક્ષેત્રમાં રુચિ ધરાવો છો! આપે એજ વિષય અને ક્ષેત્ર પસંદ કરવું કે જેમા આપ કોઈ બર્ડન એટ્લેકે ભાર વગર એટ્લે કે ચિંતામુક્ત અભ્યાસ કરી શકો. હવે વિકલ્પ ની વાત કરીએ તો, ૧૨ સાયન્સ (ગ્રુપ એ) પછી આપ બી.ઈ , બી.ટેક. એટ્લે કે એંન્જિનીયરિંગ ક્ષેત્ર માં જઈ શકો છો, જેમાં આપ કોમ્પ્યુટર , સિવિલ, ઈલેક્ટ્રીકલ વગેરે જેવા મુખ્ય વિષય પસંદ કરી આગળ વધી શકો છો. એ સિવાય ઘણા વિદ્યાર્થીઓ બી.એસ.સી. ની પસંદગી કરતા હોય છે જેમાં આપ કેમેસ્ટ્રી , ફિઝિક્સ, મેથ્સ, બાયોલોજી જેવા



વિષય પસંદ કરી શકો છો. તદુપરાંત અન્ય એક વિકલ્પ છે જેના વિશે મોટાભાગના વિદ્યાર્થી અજાણ હોય છે અને તે છે બી.ફાર્મ. આપ એ-ગ્રુપ પછી પણ ફાર્મસી પસંદ કરી શકો છો. અન્ય એક વિકલ્પની વાત કરીએ તો એ છે બી.સી.એ. એટ્લે કે બેચલર ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન , એ કર્યા પછી આપ માસ્ટર એટ્લે કે એમ.સી.એ પણ કરી આઈ.ટી ક્ષેત્ર માં જઈ શકો છો. એક અન્ય વિકલ્પ ની વાત કરીએ જેના વિશે ઘણા વિદ્યાર્થીઓ ને માહિતી નથી હોતી,એ છે લૉ એટ્લેકે સી.એલ.એ.ટી.ની પરીક્ષા આપી એન.એલ.યુ જેવી પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન મેળવી એક જ્વલંત કારકિર્દી બનાવી શકો છો. ત્યાર બાદ એક અલગ વિકલ્પ આઈ.એચ.એમ એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઑફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં પ્રવેશ માટે આપે એન.સી.એચ.એમ.સી.ટી.-જે.ઈ.ઈ.ની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. આઈ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો.આ અને અવા ઘણા વિકલ્પ પર તમે વિચાર કરી શકો છો.પણ સૌથી મહત્વની વાત જે તમને શરુઆતમાં કરી હતી કે આ બધા વિકલ્પમાંથી આપ એજ વિકલ્પ પસંદ કરશો જેમાં આપને રુચિ હોય.જેથી આપ સરળતાથી આપના મનપસંદ લક્ષ્યને પ્રાપ્ત કરી શકો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૨. હું બે.કોમ ના છેલ્લા વર્ષ માં છું. ઇનકમટેક્ષ ઓફિસર બનવા માટે શું કરવું જોઈએ? માહિતી આપશો.**

**- રાજેશ ભટ્ટ, ગાંધીનગર**

રાજેશ, આવકવેરા (ઈનકમટેક્ષ) અધિકારી બનવા માટે, સૌ પ્રથમ આવકવેરા નિરીક્ષક અથવા કર સહાયક તરીકે આવકવેરા વિભાગમાં પ્રવેશ કરવાનો રહે છે ત્યાર બાદ આપ વિભાગીય પરીક્ષાને પાત્રતા પ્રાપ્ત કર્યા પછી આવકવેરા અધિકારીની નિમણૂંક મેળવી શકો છો. આવકવેરા નિરીક્ષક અથવા ટેક્સ સહાયક તરીકે જોડાવા માટે જરૂરી પ્રથમ પગલું એ સંયુક્ત સ્નાતક સ્તરની પરીક્ષાને પાત્ર બનવુ. તે પછી, ઈન્કમ ટેક્સ ઈન્સ્પેક્ટર પોસ્ટ માટે અને ટેક્સ સહાયક પોસ્ટ માટે સ્કિલ ટેસ્ટ હોય છે. આપ આ ઓલ ઈન્ડિયા લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઑનલાઈન અથવા ઑફલાઈન અરજી કરી શકે છો.આ માટે આપે એસ.એસ.સી (સ્ટાફ સિલેક્ષન કમિશન) ધ્વારા લેવામાં આવતી



સી.જી.એલ (કંબાઈંડ ગ્રેજ્યુએશન લેવલ)ની સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકો છો. આ પરીક્ષા ત્રણ પડાવ માં લેવામાં આવે છે. પ્રથમ પ્રિલિમ પરીક્ષા ત્યાર બાદ મેઈન્સ અને ત્યાર બાદ ટાઈપિંગ ટેસ્ટ આપવાની હોય છે.આ પરીક્ષા માં મુખ્યત્વે અંગ્રેજી ,ગણિત ,રીઝનીંગ અને જનરલ નોલેજના પ્રશ્નો પુછવામાં આવે છે.આ પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે કોઈ પણ સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરેલ હોવી જોઈએ.આમ આપ આ પરીક્ષા યોગ્ય અને સારી મેહનત કરી ને ચોક્કસ પાસ કરી શકો છો.એ માટે આપ અત્યાર થી જ મેહનત ચાલુ કરી આ પરીક્ષા માટે તૈયાર થઈ શકો છો.જનરલ નોલેજ અને અંગ્રેજી સુધારવા માટે આપ અંગ્રેજી ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બે.એસ.સી માં અભ્યાસ કરું છું. એમ.બી.એ કરવા માટે શું કરવું?. માહિતી આપશો.**

**- જિનલ પટેલ, વિસનગર**

જીનલ, એમ.બી.એ તમે વિચારી રહ્યા છો એ એક સારો વિકલ્પ છે અને તમને આગળ એક સારું કરિયર બનાવી આપશે. બહુજ અગત્યની વાત એ છે કે તમે એમ.બી.એ કોઈ નામાંકિત કોલેજમાથી કરો. આજકાલ ઘણી એમ.બી.એ અને તેના જેવા અભ્યાસક્રમ કરાવતી સંસ્થાઓ ઉપલબ્ધ છે.. કોલેજ સિલેક્ટ કરતાં પેહલા તે સરકાર માન્ય છે કે નહી તે ચકાસી લેવું. સામાન્ય રીતે જો ભારતમાં સ્થિત કોઈ સારી કોલેજમાંથી એમ.બી.એ કરવું હોય તો સી.એ.ટી , સી.એમ.એ.ટી, એક્સ.એ.ટી, એસ.અન.આ.પી , એન.એમ.એ ટી , વિગેરે જેવી પરીક્ષા આપવી પડતી હોય છે. તેમાં સિલેકટ થયા પછી તમારી પર્સનાલિટીનું મૂલ્યાંકન અમુક ચોક્કસ ટેસ્ટ દ્વારા કરવામાં આવે છે. એમાં પણ ઉતીર્ણ થયા પછી સિલેક્શન થતું હોય છે. અનુભવની વાત કરીયે તો જેટલો હોય તેટલો સારો ગણાય. છતાં લગભગ ૨ વર્ષથી વધારે જો અનુભવ હોય તો સારું ગણાતું હોય છે. અગત્યની વાત એ છે કે એમ.બી.એ કરવા માટે અનુભવ જરૂરી નથી. સારી એમ.બી.એ કોલેજમાં લગભગ ૫૦% વિદ્યાર્થીઓ અનુભવી અને બાકીના ૫૦% બિનઅનુભવી હોતા હોય છે.આમ આપ અત્યાર



થી થી એમ.બી.એ માટે લેવામાં આવતી જણાવેલ પ્રવેશ પરીક્ષાઓ માટે ની યોગ્ય તૈયારી ચાલુ કરી ને કોઈ સારી પ્રતિષ્ઠિત કોલેજ માં પ્રવેશ મળવી શકો છો. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સ એપ કરી શકો છો.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner